ગુજરાતી / GUJARATI

પેપર I / Paper I

(સાહિત્ય) / (LITERATURE)

સમય મર્યાદા : ત્રણ કલાક *Time Allowed : **Three** Hours*	મહત્તમ ગુણ : **250** *Maximum Marks : **250***

પ્રશ્નપત્ર સંબંધી સૂચનાઓ

પ્રશ્નના ઉત્તર આપતા પહેલાં નીચે મુજબની બધી સૂચનાઓ વાંચો :

અહીં બે વિભાગમાં આઠ પ્રશ્નો વહેંચવામાં આવ્યા છે.

ઉમેદવારે બધામાંથી પાંચ પ્રશ્નોના ઉત્તર આપવાના રહેશે.

પ્રશ્ન ક્રમાંક 1 અને 5 ફરજિયાત છે અને દરેક વિભાગમાંથી ઓછામાં ઓછો એક પ્રશ્ન પસંદ કરી અન્ય ત્રણ ઉત્તર આપવાના રહેશે.

પ્રશ્નની સાથે એના ગુણ દર્શાવવામાં આવ્યા છે.

ઉત્તર ગુજરાતી ભાષામાં (ગુજરાતી લિપિમાં) લખવાના રહેશે.

જે પ્રશ્નોમાં શબ્દસંખ્યા દર્શાવવામાં આવી છે ત્યાં શબ્દસંખ્યાની મર્યાદામાં ઉત્તર આપવાના રહેશે.

પ્રશ્નોના જવાબ અનુક્રમમાં ગણવામાં આવશે. જો છેકવામાં નહીં આવે તો અપૂર્ણ જવાબ પણ ગણવામાં આવશે. પ્રશ્નપત્ર અને ઉત્તરવહીનું કોઈપણ કોરું પાનું અથવા તેનો કોરો ભાગ અચૂક છેકી નાખવો.

Question Paper Specific Instructions

Please read each of the following instructions carefully before attempting questions :

*There are **EIGHT** questions divided in **TWO SECTIONS**.*

*Candidate has to attempt **FIVE** questions in all.*

*Question nos. **1** and **5** are compulsory and out of the remaining, any **THREE** are to be attempted choosing at least **ONE** question from each section.*

The number of marks carried by a question / part is indicated against it.

*Answers must be written in **GUJARATI (Gujarati script)**.*

Word limit in questions, wherever specified, should be adhered to.

Attempts of questions shall be counted in sequential order. Unless struck off, attempt of a question shall be counted even if attempted partly. Any page or portion of the page left blank in the Question-cum-Answer Booklet must be clearly struck off.

Optional Province · optionalprovince.com

SECTION A

Q1. આશરે 150 શબ્દોમાં સમીક્ષાત્મક નોંધ લખો. *10×5=50*

(a) ગુજરાતી ભાષાના વાક્યપ્રકારો સદૃષ્ટાંત સમજાવો. *10*

(b) સુરતી બોલીની લાક્ષણિકતાઓ દર્શાવી તેનાં પાંચ દૃષ્ટાંતો આપો. *10*

(c) નરસિંહ મહેતાનાં પદોમાં જ્ઞાન અને વૈરાગ્યના થયેલા નિરૂપણના સદૃષ્ટાંત ચર્ચા કરો. *10*

(d) સુધારકયુગના સાહિત્યની લાક્ષણિકતાઓ દર્શાવો. *10*

(e) કવિ 'કલાપી'ની ગઝલરચનાઓમાં પ્રેમ અને અધ્યાત્મ ભાવના થયેલા નિરૂપણની આધાર ચર્ચા કરો. *10*

Q2. સમીક્ષાત્મક ઉત્તરો આપો.

(a) મધ્યકાલીન જૈન સાહિત્યની વિશેષતાઓનો સદૃષ્ટાંત પરિચય કરાવો. *20*

(b) ગાંધીયુગની કવિતામાં પીડિતોની વ્યથા અને રાષ્ટ્રીયતાના થયેલા નિરૂપણની સૌદાહરણ ચર્ચા કરો. *20*

(c) ગુજરાતી નાટ્યક્ષેત્રે દલપતરામે કરેલા પ્રદાનની સમીક્ષા કરો. *10*

Q3. સમીક્ષાત્મક ઉત્તરો આપો.

(a) ગુજરાતી ભાષાની ક્રમિક વિકાસયાત્રા વિશે વિગતે ચર્ચા કરો. *20*

(b) કવિ અખો અને કવિ દયારામનું સાહિત્યિક પ્રદાન મૂલવો. *20*

(c) વાર્તાકાર 'સુન્દરમ્'ની વાર્તાકલાનું મૂલ્યાંકન કરો. *10*

Q4. સમીક્ષાત્મક ઉત્તરો આપો.

(a) ગુજરાતી સાહિત્યક્ષેત્રે ગોવર્ધનરામ ત્રિપાઠીના પ્રદાનની સમીક્ષા કરો. *20*

(b) અનુગાંધીયુગની કવિતાઓને વિષયસામગ્રી અને અભિવ્યક્તિના નાવીન્ય સન્દર્ભે તપાસો. *20*

(c) લાભશંકર ઠાકરે આધુનિક નાટ્યકાર તરીકે કરેલા વિભિન્ન નાટ્યપ્રયોગોની ચર્ચા કરો. *10*

Optional Province · optionalprovince.com

SECTION B

Q5. આશરે 150 શબ્દોમાં ઉત્તરો આપો. *10×5=50*

(a) 'પદ્યવાર્તા'નું સ્વરૂપ સ્પષ્ટ કરીને પદ્યવાર્તાનાં લક્ષણો દર્શાવો. *10*

(b) 'ભરતેશ્વર બાહુબલિ રાસ'ની વિષયસામગ્રીનો પરિચય કરાવો. *10*

(c) મીરાંનાં કૃષ્ણવિષયક પદોની સમીક્ષા કરો. *10*

(d) લલિતનિબંધક્ષેત્રે ભોળાભાઈ પટેલના પ્રદાનને મૂલવો. *10*

(e) પન્નાલાલ પટેલકૃત 'માનવીની ભવાઈ' નવલકથાનું મૂલ્યાંકન કરો. *10*

Q6. સમીક્ષાત્મક ઉત્તરો આપો.

(a) મહત્ત્વના વિવેચકોના પ્રદાનને કેન્દ્રમાં રાખીને ગુજરાતી વિવેચનક્ષેત્રની ગતિવિધિનો પરિચય કરાવો. *20*

(b) લલિતનિબંધનું સ્વરૂપ સ્પષટ કરીને ચાર મુખ્ય નિબંધકારોના યોગદાનની ચર્ચા કરો. *20*

(c) એકાંકીસ્વરૂપ સન્દર્ભે ઉમાશંકર જોશીનું પ્રદાન મૂલવો. *10*

Q7. સમીક્ષાત્મક ઉત્તરો આપો.

(a) 'આખ્યાન'નું સ્વરૂપ સ્પષ્ટ કરીને આખ્યાનનાં મુખ્ય લક્ષણોની સદૃષ્ટાંત ચર્ચા કરો. *20*

(b) ગુજરાતી ટૂંકીવાર્તાના સ્વરૂપ અને વિકાસની આધાર સમીક્ષા કરો. *20*

(c) નાટયકાર મધુ રાયના પ્રદાનની સમીક્ષા કરો. *10*

Q8. સમીક્ષાત્મક ઉત્તરો આપો.

(a) લોકસાહિત્યના સંશોધન ક્ષેત્રે શાંતિભાઈ આચાર્ય અને જયાનંદ જોશીના પ્રદાનને મૂલવો. *20*

(b) ખંડકાવ્ય સ્વરૂપની લાક્ષણિકતાઓ દર્શાવી ગુજરાતી ખંડકાવ્યની વિકાસયાત્રા આલેખો. *20*

(c) લોકનાટય–ભવાઈની પરંપરાનું મહત્વ સમજાવો. *10*

Optional Province · optionalprovince.com